# અમદાવાદના મે. સીટી સીવીલ એન્ડ સેશન્સ જજ સાહેબશ્રીની અદાલતમાં,

## (અદાલત નં.–૧૦)

## ક્રિમીનલ અપીલ નં.– ૧૨૨૧/૨૦૨૬

---

## આંક– ૪ અને ૫ તળે હુકમ

૧. હાલના એપેલેન્ટ/આરોપીએ વિ. ૨૫ માં એડી. ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ, સ્પે. ને.ઈ.એક્ટની કોર્ટ નં.–૩૫, અમદાવાદ દ્વારા ફોજદારી કેસ નં. – ૧૩૮૮૮૪/૨૦૨૩ ના કામે તા.૨૨/૦૫/૨૦૨૬ ના રોજ ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ના ગુના સબબ સાદી કેદની સજા તથા વળતર પેટે રકમ ચુકવવાના હુકમ વિરુદ્ધ હાલની અપીલ કરેલ છે.

૨. હાલની અપીલ દાખલ કરવાના તબક્કે એપેલેન્ટ/આરોપી દ્વારા હાલના કામે આંક– ૪ અને ૫ ની અરજી દ્વારા ધી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ– ૪૩૦(૧) હેઠળ અપીલનો નિર્ણય આવે ત્યાં સુધી સજા મોકૂફ રાખવા તેમજ જામીન ઉપર મુક્ત કરવા અરજી આપવામાં આવેલ છે.

૪. એપેલેન્ટ/આરોપી તર્ફે વિ .વકીલશ્રીની મુખ્યત્વે રજૂઆત છે કે, અપીલનો નિર્ણય ગુણદોષ ઉપર તેઓની તરફેણમાં આવી શકે તેમ છે, તેવા સંજોગોમાં અપીલ ચાલીને ગુણદોષ ઉપર નિર્ણય થવા માટે સમય પણ લાગી શકે તેમ છે. જેથી અપીલનો નિર્ણય આવે ત્યાં સુધી ધી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૩૦(૧) હેઠળ સજા મોકૂફ રાખી જામીન ઉપર મુક્ત કરવા જણાવેલ છે.

૫. ઉપર્યુક્ત રજૂઆત તેમજ સમગ્ર રેકર્ડ ધ્યાને લેતાં, અત્રે ઉલ્લેખનીય છે કે ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૪૮ મુજબ એપેલેન્ટ કોર્ટ અધિકૃત છે કે, વિ. ટ્રાયલ કોર્ટ દ્વારા ફરમાવવામાં આવેલ વળતરની રકમના ઓછામાં ઓછા ૨૦ ટકા જમા કરાવ્યેથી અપીલ દાખલ કરી શકે છે. વધુમાં અપીલ ચાલીને ગુણદોષ ઉપર નિર્ણય આવતા સમય લાગે તેમ હોય, તેવા સંજોગોમાં **નામદાર સર્વોચ્ચ**

**અદાલતના ચુકાદા ભગવાનરામ શીંધે ગોસા વિરુદ્ધ ગુજરાત સ્ટેટ ૧૯૯૯(૪) એસ.સી.સી. ૪૨૧** માં પ્રસ્થાપિત થયેલ સિદ્ધાંત મુજબ ફરમાવવામાં આવેલ સજાનો હુકમ મોકૂફ રાખી એપેલેન્ટ–આરોપીને વળતરની રકમ ની ૨૦ ટકા રકમ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની જોગવાઈ મુજબ જમા કરાવવા ન્યાયોચિત જણાતું હોય, નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## <u>હુ ક મ</u>

૧. એપેલેન્ટ–આરોપીની આંક–૪ અને ૫ ની અરજી શરતોને આધીન **મંજૂર** કરવામાં આવે છે તથા હાલની અપીલનો આખરી નિકાલ ન થાય ત્યાં સુધી વિ.ટ્રાયલ કોર્ટ દ્ધારા ફોજદારી કેસ નં. – ૧૩૮૮૮૪/૨૦૨૩ ના કામે તા.૨૨/૦૫/૨૦૨૬ ના રોજ કરવામાં આવેલ સજાનો હુકમ સસ્પેન્ડ કરવામાં આવે છે.

૨. એપેલેન્ટ–આરોપીએ રૂા.૨૫,૦૦૦/– ના સદ્ધર જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા વિ. ટ્રાયલ કોર્ટ સમક્ષ કામકાજના દિન– ૭ માં રજૂ કરવાના રહેશે અને જો એપેલેન્ટ–આરોપી કામકાજના દિન– ૭ માં જામીન રજૂ કરવામાં નિષ્ફળ જશે તો આરોપીના બેલ–બોન્ડ ઓટોમેટીકલી રદ થયેલા ગણાશે અને વિ. ટ્રાયલ કોર્ટ એપેલેન્ટ–આરોપી સામે કાયદા મુજબ સજા વોરંટ ઇસ્યુ કરી શકશે. તેમજ એપેલેન્ટ–આરોપીએ નીચેની શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૩. એપેલેન્ટ–આરોપીએ વળતરની રકમના ૨૦ ટકા રકમ આ હુકમની તારીખથી દિન–૬૦ માં અત્રેની કોર્ટમાં જમા કરાવવાના રહેશે.

<u>*શરતોઃ–*</u>

1. એપેલેન્ટ–આરોપીએ દર મુદતે જાતે અથવા તેમના વિ.વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં હાજર રહેવાનું રહેશે.
2. એપેલેન્ટ–આરોપીએ અત્રેની અદાલતની પૂર્વ પરવાનગી સિવાય ભારત દેશની હદ છોડવી નહીં.
3. એપેલેન્ટ–આરોપીએ તેમનું સાચું કાયમી સરનામું, મોબાઇલ નંબર, ઓળખપત્ર અત્રેની કોર્ટ સમક્ષ તેમજ વિ. ટ્રાયલ કોર્ટ

સમક્ષ રજૂ કરવું. એપેલેન્ટ–આરોપી જો પોતાનું સરનામું ચેન્જ કરે તો અત્રેની કોર્ટમાં તેમજ વિ.ટ્રાયલ કોર્ટમાં તે અંગે અગાઉથી જાણ કરવાની રહેશે.

4. એપેલેન્ટ–આરોપીએ જામીનના ગેરલાભ ઉઠાવવો નહીં.

5. એપેલેન્ટ–આરોપી પાસપોર્ટ ધરાવતા હોય તો તે દિન– ૭ માં અત્રેની કોર્ટમાં જમા કરાવવો અને જો ન ધરાવતા હોય તો તે અંગેનું સોગંદનામું રજૂ કરવું.

6. એપેલેન્ટ–આરોપી જેલમાં હોય તો જેલ મુક્ત કરવા ચાદી કરવી.

7. આ હુકમની નકલ વિ. ટ્રાયલ કોર્ટને જાણ થવા સારૂ મોકલી આપવી.

**આ હૂકમ આજ તારીખના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી જાહેર કર્યો.**

**(વિશાલ.વી.શાહ)**
**અધિક સત્ર ન્યાયાધિશ,**
**અદાલત નં.–૧૦.**
**સિટી સિવીલ એન્ડ સેશન્સ કોર્ટ,**
**અમદાવાદ શહેર**
**(યુનિક આઈ.ડી. કોડ નં.–જીજે૦૦૭૧૯)**

**તા.–૧૯/૦૬/૨૦૨૬**
**અમદાવાદ.**

**HGJ**